# વિકાસના આગમનથી માનવીનો અંત

ભરત પી. ચૌધરી
શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક વિભાગ)
શ્રી લોકશાળા ખડસલી

માનવીની અમર્યાદિત જરૂરીયાતોની સામે આ જરૂરીયાતોને પહોંચી વળતા સાધનો મર્યાદિત છે. માનવીની અમર્યાદિત જરૂરીયાતો જેમ જેમ પૂરી થાય છે તેને આપણે વિકાસથી ઓળખીએ છીએ. માનવીની જરૂરીયાતો પૂરી કરતો આ વિકાસ વિશ્વમાં અનેક સમસ્યાઓ સર્જે છે. જેમાં સૌથી મહત્ત્વની અને સૌથી ભયાનક સમસ્યા એ પર્યાવરમાં આવી રહેલો ફેરફાર છે. માનવીએ વિકાસના માર્ગે ખૂબજ પ્રદૂષણ ફેલાવી રહ્યો છે. આ સમસ્યા બાબતે આ ઉકિત સાર્થક નિવડે છે " જે પોષતું તે મારતું એ ક્રમ દીસે કુદરત"

માનવીનો જન્મ પંચતત્ત્વોમાંથી થાય છે અને મૃત્યુબાદ માનવ શરીર પંચ મહાભૂતોમાં વિલિન થઈ જાય છે. આ પાંચ તત્ત્વોમાં જળ, વાયુ, અગ્નિ, આકાશ અને જમીનનો સમાવેશ થાય છે. આ પાંચ તત્ત્વો મળીને પર્યાવરણ બને છે. જેને જલાવરણ, વાતાવરણ અને મૃદાવરણ એમ ત્રણ મુખ્ય વિભાગોમાં વહેંચવામાં આવે છે. માનવીએ જયારે સર્વ પ્રથમ આ સૃષ્ટિ પર અવતાર ધારણ કર્યો ત્યારે કુદરતનું પર્યાવરણીય માળખું સંતુલિત હતું પરંતુ જેમ જેમ માનવીએ પોતાની બુધ્ધિ શકિતનો ઉપયોગ કર્યો તેમ તેમ કુદરતનાં વ્યવસ્થાતંત્રમાં ખલેલ ઊભી થઈ અને પર્યાવરણના પ્રદૂષણનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો. વર્તમાન સમયમાં પર્યાવરણનું પ્રદૂષણ એ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ચિંતાનો વિષય બન્યો છે.

ઈંગ્લેન્ડમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિ બાદ સમગ્ર વિશ્વના લોકોનું ધ્યાન ઝડપી આર્થિક વિકાસ તરફ દોરાયું. આર્થિક વિકાસની મહત્તમ ગતિને હાંસલ કરવા, એક બીજાથી આગળ નીકળવા માનવીએ કુદરતનાં ઘટકોનો એવો બેફામ ઉપયોગ શરૂ કર્યો કે જેથી ભાવિ પેઢી આ કુદરતી સાધન સંપત્તિના ઉપયોગથી વંચિત રહી જાય તેવી સમસ્યા સર્જાઈ છે. વિકાસ તરફની આ આંધળી દોટના પરિણામે વાતાવરણ, જલાવરણ અને મૃદાવરણના સંતુલન પર વિપરિત અસર થઈ છે.

કુદરતી વાતાવરણમાં પશુપંખી, પવન, સમુદ્ર, જવાળામુખી વગેરે દ્વારા ઉત્પન્ન થતો અવાજ કર્ણપ્રિય હોય છે અને આપણે તેનો સ્વીકાર કરીએ છીએ. પરંતુ અર્થતંત્રનો આર્થિક વિકાસ કારખાના પ્રથામાં છે એવી વિચારસરણી અમલી બનતાં અવાજ પ્રદૂષણ અને હવા પ્રદૂષણનું જોખમ વધ્યું છે. બસો, ટ્રેનો, કારખાનાની મશીનરીઓ, દ્વિચક્રી અને મોટા વાહનો, વિમાનો, બોંબ વિસ્ફોટ, લાઉડ સ્પીકરો, મ્યુઝિક સિસ્ટમ, ફટાકડા, બેન્ડવાજા વગેરેના કર્કશ અને અણગમતા અવાજોએ ઘોંઘાટનું પ્રદૂષણ વધાર્યું છે. અવાજના પ્રદૂષણથી શ્રવણ શકિત હૃદય રોગ, ચિંતા, માનસિક તાણ, ઊંઘમાં ખલેલ, યાદશકિત, એકાગ્રતા, બાળકોનાં શિક્ષણ, માથાનો દુઃખાવો વગેરે પર વિપરિત અસર ઉપજાવી છે. આ સાથે સાથે વાહન વ્યવહારનો ધુમાડો, રજકણો, ઝેરી દ્રવ્યો વગેરેને કારણે હવા પ્રદૂષણ ફેલાયું છે. વાતાવરણમાં હવા પ્રદૂષણ માટે મુખ્યત્વે કાર્બન ડાયોકસાઈડનું વધતું જતું પ્રમાણ જવાબદાર છે. વિશ્વભરના પેસેન્જર વિમાનો દ્વારા દર વર્ષે ૪૧ કરોડ ટન અને વિશ્વભરની મોટરકારો દ્વારા વાર્ષિક ૧૭ કરોડ ટન કાર્બન

ડાયોક્સાઈડ વાતાવરણમાં ઠલવાય છે. W.H.O.ના મતે વર્ષ ૨૦૧૨માં માત્ર હવા પ્રદૂષણને કારણે સમગ્ર વિશ્વમાં સાત કરોડ લોકોનું મૃત્યુ થયું છે. વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ ઠલવાતા દેશોમાં સમગ્ર વિશ્વમાં ચીન મોખરે છે. જયારે ભારતનો ક્રમ ત્રીજો આવે છે.

**વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ ઠાલવતા પ્રથમ દશ દેશો (વર્ષ ૨૦૧૨)**

| ક્રમ | દેશ | કાર્બન ડાયોક્સાઈડ (હજાર ટનમાં) |
|---|---|---|
| 1 | ચીન | 9,860,000 |
| 2 | અમેરિકા | 5,190,000 |
| 3 | ભારત | 1,970,000 |
| 4 | રશિયા | 1,770,000 |
| 5 | જાપાન | 1,320,000 |
| 6 | જર્મની | 810,000 |
| 7 | દક્ષિણ કોરીયા | 640,000 |
| 8 | કેનેડા | 560,000 |
| 9 | બ્રિટન | 490,000 |
| 10 | મેક્સિકો | 460,000 |

કુદરતી પર્યાવણનું બીજું અને મહત્ત્વનું અંગ જલાવરણ છે. તેને પણ આપણે પ્રદૂષણ વિમુખ રાખ્યું નથી. માનવીની આર્થિક પ્રવૃત્તિઓને કારણે નદીઓ, તળાવો અને કૂવાઓ દિન પ્રતિદિન પ્રદુષિત થઈ રહ્યાં છે. ઔદ્યોગિક કચરાનો નિકાલ, પશુ તથા માનવીનાં મળમૂત્ર તથા મૂર્તિ વિસર્જન જેવા કાર્યોથી જળપ્રદૂષણ વધ્યું છે. બીજી બાજુ ભૂગર્ભ જળના ભંડારો પણ ખલાસ થઈ રહ્યા છે. એક અંદાજ મુજબ ૨૦૩૫માં ભારતમાં ૬૦ ટકા જેટલા જેટલા જળભંડારો ખલાસ થઈ જશે. ૨૦૩૦માં દુનિયાના ૪૭ ટકા લોકો જળ સંકટનો સામનો કરતા હશે. વાતાવરણના પ્રદૂષણને કારણે ઉત્તરધ્રુવ પરની હિમશીલાઓ પીગળીને સમુદ્રની સપાટીમાં વધારો કરે છે તેથી સમુદ્રનો ફેલાવો થતાં આસપાસના ૨૫ કિ.મી. સુધીનાં ભૂગર્ભજળને ખારૂ બનાવી દે છે.

કુદરતી પર્યાવરણનું ત્રીજું અને મહત્ત્વનું અંગ છે મૃદાવરણ. જેમાં જમીન, જંગલો, ખડકો અને પર્વતોનો સમાવેશ થાય છે. માનવીએ જંગલોનો જે ઝડપથી વિનાશ કરવા માંડયો છે તેને અટકાવવા શ્રી સુંદરલાલ બહુગુણાએ ચિપકો આંદોલન શરૂ કર્યું છે. ૧૯૫૦ થી કનૈયાલાલ મુનશીએ વનમહોત્સવ શરૂ કર્યો છે. માનવીએ ખનીજતેલ મેળવવા માટે પૃથ્વીનાં પેટાળનું વિદોહન કરવાનું ચાલું રાખ્યું છે. જેનાથી ધરતીકંપ જેવી વિનાશક અસરો ઉદ્દભવી છે. બીજી બાજું ઠંડા પ્રદેશોનો બરફ પીગળવાને કારણે મહાસાગરોનું સ્તર વધ્યું છે. જેથી સમુદ્ર કિનારે આવેલા ટાપુઓ ગુમાવવાનો વારો આવ્યો છે. સમુદ્રનું ખારું પાણી ફળદ્રુપ જમીન પર ફરી વળતા જમીન બિન ઉપજાઉ બને છે તથા સમુદ્રની આસપાસ રહેણાંકની સમસ્યા સર્જાતા વસ્તીએ અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરવું પડે છે અને વસ્તી ગીચતાનાં પ્રશ્નો સર્જાય છે. વર્તમાન સમયમાં વૈશ્વિક તાપમાનમાં જે ગતિથી વધારો થઈ રહ્યો છે તેને કારણે ભારતનો લગભગ ૫૦૦ ચો.કિ.મી. જેટલો વિસ્તાર જળસમાધિ લઈ લે તેવી શકયતા છે.